દાખલ તારીખ ૧૯/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ **૧૧/૦૬/૨૦૨૬**
સમય વર્ષ માસ દિવસ
**૦૦ ૦૦ ૨૩**

**<u>ગાંધીનગર જિલ્લાના પાંચમાં અધિક સત્ર ન્યાયાધિશશ્રીની અદાલત સમક્ષ,</u>**

**<u>મુકામ–ગાંધીનગર.</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૭૮૮/૨૦૨૬</u>**

**આંક : ૦૬**

**અરજદાર :** ૧) **ઉર્મીલાબેન ઘનશ્યામભાઈ પટેલ**
ઉ.વ.૬૬, ધંધો : ગૃહિણી,
રહે. ૬૫, શિલ્પા સોસાયટી, ડી કેબીન,
સાબરમતી, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** ૧) **શ્રી સરકાર**
૨) **મહેન્દ્રભાઈ આત્મારામ પરમાર**

---

**બાબત : બી.એન.એસ.એસ. ની કલમ : ૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી પી.પી. ઈનામદાર**
**સામાવાળા નં.૧ તરફે વિ.એ.પી.પી. શ્રી આર.એલ. પટેલ**
**સામાવાળા નં.૧ તરફે વિ. વ.શ્રી જે.એસ.આસોડીયા**

---

**:: <u>ઠરાવ</u> ::**

**૧)** અરજી વાંચી. રજૂઆતો સાંભળી. આ કામે અડાલજ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૧૬૦૦૧૨૫૦૫૯૮/૨૦૨૫ બી.એન.એસ. કલમ : ૧૧૮(૧),



ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

૧૧૫(૨), ૩૫૨, ૫૪, ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦ તથા અનુ.જાતિ તથા અનુ.જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમની કલમ : ૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–અ) તથા જી.પી.એક્ટની કલમ : ૧૩૫ મુજબના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન મારુતિ સુઝુકી અર્ટીગા VXI(O) સી.એન.જી જેનો રજી નં.GJ-01-WG-8962 ચેસીસ નં.MA3BNC62SNH514992 એન્જીન નં.K15CN9073375 પરત મેળવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૪૯૭ હેઠળ હાલની અરજી દાખલ કરેલી છે.

**૨)** આ અરજીમાં કરાયેલી રજૂઆત મુજબ, કબજે કરાયેલ અર્ટીગા કાર અરજદારના નામે નોંધાયેલ વ્યકિતગત મિલકત છે, જેનો ઉપયોગ તેમના પુત્ર દ્ધારા કરવામાં આવતો હતો. હાલના ગુનાના કામે તેઓના પુત્રની ધરપકડ બાદ વાહન કબજે કરવામાં આવેલ હતું, પરંતુ તેઓના પુત્રને રેગ્યુલર જામીન મળી ચૂક્યા છે. અરજદારનો ગુનામાં કોઈ સીધો સંબંધ નથી અને મુદ્દામાલ વાહનનો પણ ગુનામાં કોઈ સીધો ઉપયોગ થયેલો નથી. મુદ્દામાલ વાહન લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડ્યું રહેવાથી તેની કિંમત ઘટી રહી છે તથા અરજદાર અને તેમના પરિવારને દૈનિક જીવનમાં ભારે મુશ્કેલી પડી રહી છે. નામ.કોર્ટ દ્ધારા જે શરતો ફરમાવવામાં આવશે તેનું પાલન કરશે તથા તપાસના કામે જરૂર પડે ત્યાં વાહન રજૂ કરવા તૈયાર છે. તેથી, ન્યાયના હિતમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અર્ટીગા અરજદારને પરત સોંપવા હુકમ કરવા વિનંતી કરેલી છે.

**૩)** વિદ્ધાન સરકારી વકીલશ્રી દ્ધારા તથા ત.ક.અમલદાર દ્ધારા રજૂ મુદ્દામાલ અભિપ્રાયમાં સખત વાંધો દર્શાવતા રજૂઆત કરવામાં આવી છે કે, હાલ ગુનાની તપાસ ચાલુ તબક્કા પર છે. નાસતાં–ફરતાં આરોપીઓની અટક કરવાની બાકી છે. તપાસના કામે મળી આવેલ વિડીયો રેકોર્ડીંગમાં મુદ્દામાલ વાહન અર્ટીગા ગુનાના કામે ઉપયોગ થયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી, અરજદારને મુદ્દામાલ વાહન પરત સોંપવા અભિપ્રાય આપેલ છે.

**૪)** મૂળ ફરિયાદી તરફે વિ.વકીલ શ્રી જે.એસ. આસોડીયા હાજર થયેલા છે. તેમના તરફથી આ અરજી સામે વાંધો લેવામાં આવ્યો છે.

**૫) મારું એવું માનવું છે કે, અરજી મંજૂર કરવી જાઈએ. તે માટેના કારણો નીચે મુજબ છે :**

**એ)** આ મુદ્દામાલ વાહન છે જેનો મુખ્ય ઉપયોગ વાહન તરીકેનો છે, કોઈ ગુનાહિત વસ્તુ નથી. અલબત્ત, વાહનનો ઉપયોગ કરીને ગુનો કરવામાં



*V.G.RANA*
*5th Addl. Sessions Judge,Gandhinagar*

આવ્યો તેવો પ્રોસીક્યુશનનો કેસ છે. પરંતુ હવે આ વાહનની તપાસના હેતુ માટે તપાસ કરનાર અમલદારને કોઈ જરૂર નથી.

**બી)** જો વાહન જે ઉપયોગ માટે બનાવવવામાં આવ્યું છે તે હેતુ માટે ઉપયોગ ન થાય તો તે બગડી જાય, ખરાબ થઈ જાય તેવા સંજોગો હાલના અરજદાર દ્વારા દર્શાવવામાં આવ્યા છે તે બિલકુલ સાચા છે. આ વાહનને વધુ સમય સુધી પોલીસ કસ્ટડીમાં રાખી મુકવાનું કોઈ જ કારણ નથી. અહીં કોઈ સંભાવના પણ નથી કે આ વાહનના આરોપી દ્વારા ફરીથી ગુનાહિત કૃત્ય કરવા માટે ઉપયોગ કરવામાં આવે. આ ઉપરાંત વાહનના માલિક આરોપી નથી, પરંતુ તેની માતા છે. તે સંજોગોમાં મારું એવું માનવું છે કે, વાહન અરજદારને પરત કરવું જોઈએ. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું :

## :: આખરી હુકમ ::

૧) આ અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨) તપાસ કરનાર અમલદારે અડાલજ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૧૬૦૦૧૨૫૦૫૯૮/૨૦૨૫ બી.એન.એસ. કલમ : ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૫૪, ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦ તથા અનુ.જાતિ તથા અનુ.જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમની કલમ : ૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫-અ) તથા જી.પી.એક્ટની કલમ : ૧૩૫ મુજબના કામે મુદ્દામાલ વાહન મારુતિ સુઝુકી અર્ટીગા VXI(O) સી.એન.જી જેનો રજી નં.GJ-01-WG-8962 ચેસીસ નં.MA3BNC62SNH514992 એન્જીન નં.K15CN9073375 કબજે કરવામાં આવેલ તે અરજદારને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ હુકમની અમલવારી માટે તેની યાદી ડિસ્ટ્રિક્ટ કોર્ટ નાઝર અને તપાસ કરનાર અમલદાર અડાલજ પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તારીખ : **૧૧ મી જૂન, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Dated:11/06/2026 **[Virendrasinh Gemalsinh Rana]**
Place:- Gandhinagar. 5th Additional Sessions Judge, Gandhinagar.
//M.D.C// GJ00964